# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

### મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ-૨, જા.ક્ર.૭૮/૨૦૧૮-૧૯

આયોગ દ્વારા મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ-૨, જા.ક્ર.૭૮/૨૦૧૮-૧૯ ની પ્રાથમિક કસોટીનું આયોજન તા:૨૦-૦૧-૨૦૧૯ના રોજ કરવામાં આવેલ હતું. પરંતુ ગુજરાત સરકાર દ્વારા તા:૧૪-૦૧-૨૦૧૯થી રાજ્યની તમામ સેવાઓમાં ૧૦% આર્થિક અનામતનો અમલ કરવાનો નિર્ણય કરવામાં આવતાં આયોગ દ્વારા તા:૧૫-૦૧-૨૦૧૯ના રોજ આયોગની વેબસાઈટ પર અગત્યની જાહેરાત પ્રસિદ્ધ કરીને તા:૨૦-૦૧-૨૦૧૯ થી તા:૩૧-૦૩-૨૦૧૯ સુધી યોજાનાર તમામ પ્રાથમિક કસોટીઓ મુલત્વી/મોકૂફ રાખવામાં આવેલ હતી. પ્રસ્તુત જાહેરાતમાં કોઈ પણ જગ્યા આર્થિક રીતે નબળા વર્ગોના ફાળે ન જતાં આ જાહેરાત Re-Open કરવામાં આવેલ ન હતી.

આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ કેલેન્ડર મુજબ પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી તા:૦૭-૦૭-૨૦૧૯ ના રોજ યોજવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે અન્વયે પ્રવેશપત્ર ડાઉનલોડ થવાની પ્રક્રિયા તા:૨૮-૦૬-૨૦૧૯ના રોજ ૧૩:૦૦ કલાકથી શરૂ થનાર છે. **જેથી તમામ ઉમેદવારોએ પ્રવેશપત્ર/હાજરીપત્રક ડાઉનલોડ કરવાના રહેશે. જે ઉમેદવારોએ તા:૨૦-૦૧-૨૦૧૯ પહેલા પ્રવેશપત્ર/હાજરીપત્રક ડાઉનલોડ કરેલ હોય, તેઓએ પુન: પ્રવેશપત્ર/હાજરીપત્રક ડાઉનલોડ કરવાના રહેશે, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.**

તા.૨૮-૦૬-૨૦૧૯